VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# રઘુવીર ચૌધરી કૃત અમૃતા નવલકથામાં ભારતીયતા

વજીર પ્રવિણભાઈ ભીખાભાઈ
પીએચ.ડી. રીસર્ચ સ્કોલર
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
મો-9427512191
ઈ-મેઈલ- pravinvajir@gmail.com

## પ્રસ્તાવના

અત્યારના સમયમાં પશ્ચિમી દેશોની સંસ્કૃતિ, રહેણીકરણી, ધર્મ, વિચાર વગેરેની ઘેલછા ભારતની પ્રજાના માનસ પર સવાર થતી જાય છે. ભારતીય સંસ્કૃતિ પોતાનો ઇતિહાસ ગુમાવતી જાય છે. આ માટે તે પ્રત્યે સજાગ કરવાની કલ્યાણકારી ભાવનાને વ્યંજિત કરવા સત્યની આવશ્યકતા છે. આંધળું અનુકરણ આપણે બંધ કરવું પડશે. વિશ્વની સંસ્કૃતિ ઉદ્‌ભવી અને નાશ પામી, પરંતુ ભારતીય સંસ્કૃતિ આજે પણ સદીઓથી પોતાની પરંપરા જાળવતી આવી છે.

અર્વાચીન સમયમાં ભારતની જુદી-જુદી ભાષાઓના અનેક સર્જકોએ પોતાના સાહિત્ય દ્વારા ભારતીયતા પ્રગટાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. જેમાં ગુજરાતીમાં મધ્યકાળમાં નરસિંહ મહેતા,  મીરાંબાઈ, અખો અને પ્રેમાનંદ તો અર્વાચીન સમયમાં નવલરામ પંડ્યા, ધ્રુવ સાહેબ, કવિ કાન્ત, બ.ક.ઠાકોર, મેઘાણી, ઉમાશંકર જોશી, રઘુભાઈ ચૌધરી જેવા અનેક સર્જકોએ પોતાના સાહિત્યમાં ભારતીય ભાવનાને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

## અમૃતા: ભારતીયતાના સંદર્ભમાં

રાજકીય ઉથલપાથલના કારણે સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોમાં પરિવર્તન આવે તે સ્વાભાવિક છે. અને તેની અસર સમાજ અને સાહિત્ય પર પડે તે સ્પષ્ટ છે. ભારત પણ આ પરિસ્થિતિમાંથી બચ્યું નહોતું. ભારતની આઝાદી, કોમીતોફાનો, જંગી હિજરત, મહાત્મા ગાંધીની હત્યા જેવા આઘાતજનક બનાવો બની રહ્યા હતા. ભારતના નવોત્થાનમાં વિજ્ઞાન અને યંત્ર ઉદ્યોગોનો પ્રભાવ વધ્યો. નગરસંસ્કૃતિ વિકસી અને યુરોપની માફક ભારતમાં પણ નગરસંસ્કૃતિના પ્રભાવે આધુનિકતાના રૂપે પરિવર્તનનો પવન ફૂંકાવા લાગ્યો. [૧]

અમૃતા ૧૯૬૫માં પ્રગટ થયેલી એ સમય પણ પશ્ચિમના આધુનિકતાવાદી વિચારવલણનો હતો. ભારતીય બુદ્ધિજીવી વર્ગ એ સમયે વૈચારિક કટોકટીનો સામનો કરી રહ્યો હતો. પૂર્વ અને પશ્ચિમની પ્રજાના વર્તમાન સાંસ્કૃતિક સંગઠનને કારણે ભારતીય પ્રજામાનસ જે રીતે ડહોળાયેલું છે, ઉચ્ચ શિક્ષણ, વૈચારિક સંપતિ પામેલા લોકોના મનમાં જે સમસ્યાઓ અને સુવિધાઓ ઊભી થઈ છે તેનો ઉકેલ શોધવાની મથામણ આરંભાઈ છે.

સ્ત્રી-પુરુષના પ્રેમસંબંધને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરતી નવલકથા છે. તેમાં ત્રણ પાત્રો અમૃતા, ઉદયન અને અનિકેત. ઉદયન વર્તમાનમાં બહુ માને છે, તેને ભૂતકાળમાં રસ નથી. અનિકેત વ્યતીત અને ભવિષ્ય બંનેમાં માનતો યુવાન છે. અમૃતા સમયનું વિભાજન કરતી નથી. સમયને એ શાશ્વત માને છે. ઉદયન કહે છે ‘આપણે પોતાના અસ્તિત્વને વફાદાર રહીએ તે જરૂરી છે, ત્યારે અનિકેત કહે છે- મારૂં લક્ષ્ય પણ વફાદારી છે. કેવળ પોતાના તરફની નહીં, સમગ્ર તરફની’. આ બંને વચ્ચે અમૃતા દ્વિધામાં ઝોલા ખાય છે કે કોને વરવું?

અમૃતા શ્રીમંત પિતાની એકની એક દીકરી છે, તેને બે ભાઈ છે. ઉદયન શાળાકીય જીવનથી તેને મદદ કરતો આવ્યો છે. તેની મદદથી જ ઉદયન કૉલેજનો અધ્યાપક છે, તો અનિકેત મુંબઈની કૉલેજમાં વિજ્ઞાનનો અધ્યાપક છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

અમૃતા સંયુક્ત કુટુંબમાં રહે છે તે ભારતીય સમાજની એક વિશેષતા છે તેમાં ભારતીયતાના દર્શન થાય છે. ત્રણે પાત્રો એકલાં અને સ્વતંત્ર રહેતાં હોવા છતાં એકબીજાની સાથે રહેવાની અપેક્ષા સેવે છે. તેમાં સહકારની ભાવનાની ઝાંખી થાય છે.

અનિકેતનું પાલનપુરમાં ચાલ્યા જવું અને પાછા ફર્યા પછી સમુદ્રતટે એક દિવસ અમૃતા અને ઉદયન વચ્ચે ચર્ચા થાય છે. જેમાં અમૃતા ઉદયનને સુધરવાનું કહે છે ત્યારે ઉદયન કહે છે 'એમ કરવાથી હું શું હાંસલ કરવાનો છું?' અમૃતા કહે છે કે મને મેળવીશ. ત્યારે ઉદયન કહે છે, એટલે હું મારા વ્યક્તિત્વને ગીરો મૂકાવી પછી પોતાની સાથે મને પરણાવી દેવા માંગે છે? તું મને સમજતી નથી'. ત્યારે અમૃતા કહે છે- 'સમજતી ભલે ન હોઉં, ચાહું છું.'

અહીં અમૃતાના પાત્રમાં વચન પાલનની નિષ્ઠા અને એકવચનીપણું જોવા મળે છે. પોતાના પ્રેમના ભાગે પણ ફરજ બજાવવાની નિષ્ઠા અને ત્યાગની ભાવના આમાં ભારતીયતા સ્પષ્ટ દેખાય છે. અમૃતા અંતે તો સહવાસ ઝંખે છે તે અનિકેતને મનોમન ચાહે છે, તે ઉદયનને વશ થતી દર્શાવી છે. તેનામાં રહેલી માતૃત્વની ઝંખના અને ઉદયનને પ્રેમથી ધરવી દેવાની ભાવનામાં ભારતીય નારીનાં દર્શન થાય છે.

'પ્રેમ એટલે ત્યાગ' આવી ભારતીય ભાવના અનિકેતના પાત્રમાં જોવા મળે છે. સ્ત્રીદાક્ષિણ્યની ભાવના અનિકેતમાં જોવા મળે છે. સ્ત્રીને માન આપવું, મર્યાદા જાળવવી આવા વિચારો અનિકેતમાં જોવા મળે છે. અહીં ત્રણે પાત્રોનો પ્રેમ વ્યક્ત છે. અમૃતા સમજાવે છે કે કેવળ સ્વાતંત્ર્ય પૂરતું નથી. વિસંવાદિતા અને સ્નેહ પણ જોઈએ. ઉદયનને પણ સમજાવા છે કે સ્વતંત્ર વ્યક્તિ એ જ ચરમ સત્ય નથી. સંસારમાં બધાં પરસ્પર સંકળાયેલાં છે, કોઈ એકલું નથી. જીવવા માટે પણ માણસને અનેકની જરૂર પડે છે. પ્રેમ ભ્રમણા નથી. મૌગ્ધ્ય નિર્બળતા નથી. પ્રેમ મૃત્યુ ઉપર પણ વિજયી નીવડે છે. અનિકેત તે પણ સમજાયું છે કે સાચી નિરપેક્ષતા સિદ્ધ કરવી કેટલી કઠીન વાત છે. (૨)

'પ્રેમીને પ્રાપ્ત કર્યા વિના પણ પ્રેમ પ્રાપ્ત થઈ શકે. પ્રેમ અને પ્રેમી એ અવિભાજ્ય ઘટક નથી.' રહીને વેદના ઓછી કરવી એ કાયર માણસોનું કામ છે. વેદના તો આપણી કરોડરજ્જુ છે. નિષ્ઠુરતાથી આક્રાંત થઈને નારી કદી રડતી નથી. બીજાએ આપેલા દુઃખથી એ રડતી નથી, રડવા માટે એનું પોતાનું દુઃખ પુરતું હોય છે.' આવાં ઉપરોક્ત અનેક વાક્યોમાં આધ્યાત્મિકતા જોવા મળે છે.

આખયે નવલકથામાં પરંપરા તોડવા મથતા અને સ્વતંત્રતા ઝંખતા પાત્રોને અંતે ભારતીય વિચારોને આધીન થતા દર્શાવ્યા છે. આખીય કથા ભારતીયતાના મૂળભૂત વિચાર ઉપર જ ચાલે છે. આપણા સંસ્કારો, સંસ્કૃતિ, કુટુંબ, સમાજ એ જ આપણા જીવનનો આધાર છે. એના વિના જીવન અધૂરું છે. આખી કથાનો પાયાનો વિચાર ભારતીયતા અને સંસ્કૃતિ પ્રમાણેના જીવનની અનિવાર્યતા એ બની રહે છે.

## સંદર્ભ

1. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા- (આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો) ધીરુભાઈ ઠાકર, ઈ.સ.૧૯૯૫ પૃ-૪૭
2. અમૃતા- રઘુવીર ચૌધરી ઈ.સ. ૧૯૯૫ પૃ-૩૧૯-૩૨૦

http://vidyajournal.org